VOICE OF VAODARA
WEEKLY
NEWSPAPER

લીગલ એડવાઈઝર એડવોકેટ & નોટરી ઈશરત શૈખ : 9974176245
લીગલ એડવાઇઝર એડવોકેટ & નોટરી સીમા યાદવ : 91 74860 57408

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિધ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

•માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • મેનેજીંગ તંત્રી :દિનેશ બારોટ • વર્ષ - ૦૭ • અંક નં.૩૪ • તારીખઃ ૨૯-૦૭-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમતઃ ૧.૦૦
પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦ / રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ MANAGING EDITOR : DINESH BAROT ■ YEAR : 07 ■ ISSUE : 34 ■ DATE : 29-07-2025 TUESDAY ■ PAGE : 04 ■ PRICE RS.1.00
■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN | REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J.P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM

## દુનિયામાં છવાયો PM મોદીનો જાદુઃગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગમાં મોદી ટોપ પર

### આ સર્વે અમેરિકન બિઝનેસ ઇન્ટેલિજન્સ અને ડેટા વિશ્લેષણ કંપની મોર્નિંગ કન્સલ્ટ દ્વારા હાથ ધરાયો હતો

શનિવારે જાહેર થયેલા 'ડેમોક્રેટિક ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગ'માં પીએમ મોદી ટોપ સ્થાન મેળવ્યું છે. તેમને 75% એપ્રૂવલ રેટિંગ મળ્યું છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ બીજા સ્થાને છે. જય મ્યુંગને 59% એપ્રૂવલ રેટિંગ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નીચેના 5મા સ્થાન મેળવી શક્યા નથી. આ આંકડા યુએસ સ્થિત બિઝનેસ ઈન્ટેલિજન્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. ટ્રમ્પ 45% કરતાં ઓછા એપ્રૂવલ રેટિંગ સાથે આઠમા ક્રમે છે. આ લેટેસ્ટ ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગ 4થી 10 જુલાઈ, 2025 વચ્ચેના છે.




મોર્નિંગ કન્સલ્ટે યુએસની એક બિઝનેસ ઈન્ટેલિજન્સ અને ડેટા વિશ્લેષણ કંપની છે. એનો સર્વે વિશ્વભરના નેતાઓ, ખાસ કરીને લોકશાહી દેશોના નેતાઓના જાહેર મંજૂરી રેટિંગને માપે છે. આ સર્વે વિવિધ દેશોમાં હજારો લોકોના ડેઈલી ઈન્ટરવ્યૂના આધારે હાથ ધરવામાં આવે છે. આ સર્વે મુજબ ડોનાલ્ડ ટ્રમ્પ અને મેલોની જેવાં નેતાઓ પણ લોકપ્રિયતાના સંદર્ભમાં પીએમ મોદીથી પાછળ છે.

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે-મ્યુંગ આ યાદીમાં બીજા નંબરે છે. તેમને 59 ટકા એપ્રૂવલ રેટિંગ મળ્યું છે. આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી ત્રીજા નંબરે છે. તેમને 57 ટકા રેટિંગ મળ્યું છે. તેમના પછી કેનેડાના માર્ક કાર્નેને 56 ટકા અને ઓસ્ટ્રેલિયાના એન્થોની અલ્બેનીસને 54 ટકા એપ્રૂવલ રેટિંગ મળ્યું છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને 44 ટકા રેટિંગ મળ્યું છે તેમજ ઈટાલીના જ્યોર્જિયા મેલોનીને 40 ટકા રેટિંગ મળ્યું છે.

ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ પણ પીએમ મોદીને સૌથી લોકપ્રિય નેતા તરીકે પસંદ કરવા અંગે સોશિયલ મીડિયા પોસ્ટ પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં તેમણે લખ્યું છે કે એક અબજથી વધુ ભારતીયોના પ્રિય અને વિશ્વભરના લાખો લોકોના સન્માનને પાત્ર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર મોર્નિંગ કન્સલ્ટ ગ્લોબલ લીડર એપ્રૂવલ ટ્રેકરમાં ટોપ પર છે. વિશ્વમાં સર્વોચ્ચ રેટિંગવાળા અને સૌથી વિશ્વસનીય નેતા, મજબૂત નેતૃત્વ વૈશ્વિક સન્માન ભારત સુરક્ષિત હાથમાં છે.

## મોદી સૌથી લાંબો સમય હોદ્દા પર રહેનાર PM બન્યા, ઈન્દિરા ગાંધીના સતત 4077 દિવસ વડાપ્રધાન રહેવાનો વિક્રમ તોડયો



નરેન્દ્ર મોદી ભારતના સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન રહેનાર બીજા વડાપ્રધાન બની ગયા છે. તેમણે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના 4077 દિવસો (24 જાન્યુઆરી 1966થી 24 માર્ચ 1977)નો વિક્રમ તોડ્યો છે. પીએમ મોદીએ શુક્રવારે વડાપ્રધાનપદ પર 4078 દિવસ પૂરા કરી લીધા છે.

સૌથી લાંબા સમય સુધી સતત વડાપ્રધાન રહેવાનો વિક્રમ જવાહરલાલ નેહરૂના નામે છે. તેઓ 15 ઓગષ્ટ 1947થી 27મે 1964 સુધી એટલે કે કુલ 6126 દિવસ સુધી વડાપ્રધાન પદ પર રહ્યા હતા. પીએમ મોદી નેહરૂના વિક્રમથી 2048 દિવસ પાછળ છે. જોકે, વડાપ્રધાન મોદી સતત ત્રણ લોકસભા ચૂંટણી(2014, 2019, 2024)જીતવાના મામલામાં નેહરૂની બરાબરી કરી ચુક્યા છે. જો મોદી 2029ની લોકસભા ચૂંટણી જીત્યા પછી વડાપ્રધાન બને છે, તો આ વિક્રમ પણ તૂટી શકે છે.

પીએમ મોદી 2001થી 2014 સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા હતા. ત્યાર પછી 26 મે 2014થી વડાપ્રધાન બન્યા છે. આ પ્રકારે એક ચૂંટાયેલી સરકારના વડાનો કાર્યભાર રાજ્ય-કેન્દ્ર( 24 વર્ષથી વધુ )માં સંભાળનાર પ્રથમ ભારતીય નેતા બન્યા છે. પીએમ મોદી બે કાર્યકાળ પૂર્ણ કરનાર અને સૌથી લાંબા સમય સુધી આ હોદા પર રહેનાર પ્રથમ બિન-કોંગ્રેસી વડાપ્રધાન છે.

## વાઘોડિયા રોડના 50 હજાર લોકો ઓછા પ્રેશરથી ત્રસ્ત,ચોમાસામાં પણ 2 હજાર ટેન્કર મોકલાય છે

શહેરના પૂર્વ વિસ્તારની પાણીની સમસ્યા ચોમાસામાં પણ યથાવત જોવા મળી રહી છે. વોર્ડ 15માં વરસાદી પાણી ભરાવા અને પાણી ઓછા પ્રેશરથી આવવાની સમસ્યા છે. ભર ચોમાસે વોર્ડ 15ની અંદાજિત 50 હજારથી વધુ વસ્તી પાણીની સમસ્યાથી પીડાય છે અને મહિને 2,000થી વધુ ટેન્કરથી પાણી લોકોને આપવું પડી રહ્યું છે.

પ્રેશરથી પાણી મળે તેના માટે મોટર લગાવવા રહીશો મજબૂર છે. છતાં પાણી નહીં મળતું હોવાથી ટેન્કરો મંગાવવા પડી રહ્યા છે. એક અંદાજ મુજબ વાઘોડિયા રોડની સોસાયટીઓમાં મહિને 2,000થી વધુ ટેન્કર મોકલી પાણી આપવું પડી રહ્યું છે. ત્યારે સ્થાનિક કાઉન્સિલરો સાથે અધિકારીઓ પહોંચતા મહિલાઓએ તેઓને આ સમસ્યાનું કાયમી નિકાલ લાવવા માટેની રજૂઆત કરી હતી. બીજી તરફ પૂર્વ ઝોન અને વોર્ડ નંબર 15 ના અધિકારીઓની ટીમે કહ્યું હતું કે, આ સમસ્યાના નિરાકરણ લાવતા 6 મહિના લાગશે.

20 વર્ષથી આ સોસાયટીમાં રહીએ છીએ, માત્ર 15 મિનિટ જ પાણી આવે છે અને એ પણ ગંદું. હદ તો એ છે કે મોટર ચાલુ કરવા છતાં પાણી નથી આવતું. નવી લાઈન નાખી અપાય.

આખો ઉનાળો પાણીની તંગી સાથે પસાર કર્યો છે. પાણી ઓછું આવે છે. 15 મિનિટ જ પાણી આવે છે. દુર્ગંધ આવતી હોવાથી વપરાશમાં લેવાતું નથી.

સ્મિતેશ પટેલ પૂર્વ ઝોનડે. એન્જિનિયરે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં લો પ્રેસરની સમસ્યા છે. બે નવા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ થતાં આ સમસ્યાનો નિકાલ આવશે. 6 મહિના રાહ જોવી પડશે.જાંબુડીયા પુરા શરૂ થતા ત્યાં હમણાં આપતું પાણી આ વિસ્તારને મળશે



## પૂરની સ્થિતિ ટાળવા આજવામાંથી 11 દિવસમાં 251 કરોડ લિટર પાણી છોડાયું

### 15 ઓગસ્ટ સુધી સપાટી 211 ફૂટે રખાશે, જળ સ્તર વધતાં પાણી છોડ્યું

શહેરમાં ગત વર્ષે 3 વખત પૂરની સ્થિતિનું નિર્માણ થયું હતું. જેમાં 26 જુલાઈએ આજવાની સપાટી 212.15 ફૂટે પહોંચતાં વિશ્વામિત્રીની સપાટી 29 ફૂટ પહોંચી ગઈ હતી. જેને કારણે નદીની આસપાસના વિસ્તારમાં પાણી ભરાયાં હતાં. જોકે આ વર્ષે પૂર્વે ખાળવા આજવાની સપાટી 211 ફૂટે રાખવા 11 દિવસમાં પૂર્વ વિસ્તારને 17 દિવસ સુધી ચાલે તેટલું પાણી નદીમાં છોડાયું છે.

2024માં શહેરમાં આવેલા પૂરમાં શહેરીજનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આખરે પાલિકાએ નદીની વહનક્ષમતા વધારવા નદીને પહોળી-ઊંડી કરી છે. ગત વર્ષ 26 જુલાઈએ શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં ઉપરવાસના વરસાદથી આજવાની સપાટી 211.15 ફૂટ થતાં વિશ્વામિત્રીની સપાટી 29 ફૂટને વટાવી ગઈ હતી.

જેને કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોને હાલાકી ભોગવવી પડી હતી. ત્યારે આ વર્ષે પૂરની સ્થિતિનું નિર્માણ ન થાય તે માટે પાલિકાએ આજવાની સપાટી 15 ઓગસ્ટ સુધી 211 ફૂટે રાખવા નિર્ણય લીધો છે. ગત 14 જુલાઈએ આજવાની સપાટી 211.40 ફૂટ થતાં સલામતીના ભાગરૂપે આજવાના દરવાજા 211 ફૂટે સેટ કરતાં પાણી ઓવર ફ્લો થયું હતું.

## વડોદરામાં 200 આંગણવાડીઓ હજુ પણ ભાડાના મકાનમાંઃ સરકાર વર્ષે રૂ. 1 કરોડ ચૂકવે છે

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ICDS પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત કુલ 439 આંગણવાડીઓમાંથી, આશરે 200 જેટલી આંગણવાડીઓ હજુ પણ ભાડાના મકાનોમાં ચાલી રહી છે. આ આંગણવાડીઓમાં 3થી 6 વર્ષના લગભગ 10,000 ભૂલકાઓ પાયાનું શિક્ષણ મેળવી રહ્યા છે. આ ભાડાના મકાનો પાછળ સરકાર દ્વારા પ્રતિ માસ આશરે 6થી 7 લાખ અને વર્ષે રૂ. 1 કરોડ જેટલી માતબર રકમ ભાડા પેટે ચૂકવવામાં આવે છે.

વડોદરા શહેરમાં નાના બાળકોના પાયાના શિક્ષણ માટે ચાલતી આંગણવાડીઓ લાંબા સમયથી મકાનની સમસ્યા સામે ઝઝૂમી રહી છે. ભાડાના મકાનોમાં આંગણવાડી ચલાવવી એ કર્મચારીઓ માટે પણ મુશ્કેલ બની રહ્યું છે. ઘણી વખત મકાનમાલિકોને ભાડું સમયસર મળતું નથી, જેના કારણે આંગણવાડીમાં કાર્યરત કર્મચારીઓને પોતાના ખિસ્સામાંથી ભાડા ભરવાની ફરજ પડે છે. અગાઉ એવા કિસ્સાઓ પણ બન્યા છે કે, જ્યારે મકાનમાલિકો કોઈ સંજોગોમાં મકાન ખાલી કરાવે ત્યારે નવી જગ્યા શોધવાની જવાબદારી પણ આંગણવાડીના કર્મચારીઓને જ સોંપવામાં આવે છે. તે સમયે આંગણવાડીઓને યોગ્ય મકાન શોધવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ભાડાના મકાનોમાં ચાલતી આંગણવાડીઓ અંગે કોર્પોરેશનના અધિકારી ડો. દેવેશ પટેલે જણાવ્યું હતું કે, સરકારની ગ્રાન્ટ હેઠળ ચાલતી આંગણવાડીઓ માટે એક મકાનનું અંદાજિત સરેરાશ ભાડું રૂ. 3થી 4 હજાર ચૂકવવામાં આવે છે. તેમણે સ્વીકાર્યું હતું કે, આંગણવાડીઓ ભાડાના મકાનમાંથી પોતાના માલિકીના મકાનમાં કાર્યરત થાય તેવા પ્રયાસો ચાલી રહ્યા છે.

## ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેર

ગુજરાતમાં વડોદરા, અમદાવાદ, બનાસકાંઠા, ખેડા, આણંદ સહિતના વિસ્તારોમાં આજે (27 જુલાઈ) અતિભારે વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 58 ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ વિસ્તારમાં 64 ટકા અને સૌથી ઓછો સૌરાષ્ટ્ર વિસ્તારમાં 54 ટકા વરસાદ થયો છે. જેમાં અમદાવાદના દસક્રોઈ તાલુકામાં 10 ઈંચ વરસાદ વરસ્યો છે. ચોમાસા દરમિયાન સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત આજે રવિવારે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યમાં સૌથી વધુ અમદાવાદના દસક્રોઈ તાલુકામાં 10 ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે વડોદરામાં રવિવારે રાતથી સોમવાર સુધી ધીમીધારે સતત વરસાદ વરસતો રહેતા વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી.

## સોમા તળાવ પાસે રોડ-પાણી, ડ્રેનેજ મુદ્દે રહીશોના દેખાવો

### ભાજપ-કોંગ્રેસના કાઉન્સિલરોને રજૂઆત છતાં ઉકેલ નહી

સોમા તળાવ એમએમ વોરા શોરૂમ સામે વૈષ્ણવ વાટિકા સહિતની સોસાયટીના રહીશોએ રોડ, ગંદા પાણી, ડ્રેનેજ મુદ્દે તંત્ર સામે આક્રોશ ઠાલવ્યો હતો. સ્થાનિક ભાજપ અને કોંગ્રેસના કાઉન્સિલરોને રજૂઆત કરવા છતાં કામ કરતું ન હોવાની ફરિયાદ કરી હતી.

સોમા તળાવની ગીરીરાજ સોસાયટી, દર્શનમ, રુદ્રાક્ષ, પામ વૈષ્ણવ વાટિકા સહિતની સોસાયટીમાં પાણી ઓછું મળતું હોવાની ફરિયાદ સાથે રહીશો એકત્ર થયા હતા. લોકોનું કહેવું કે, પાણીની પાઈપો વર્ષોથી પડી રહી છે, પરંતુ નખાતી નથી.

તદુપરાંત વિસ્તારમાં પાણી ભરાય છે અને વરસાદી ગટર બનાવાતી નથી. રોડ પર મસમોટા ખાડા પડ્યા છે, જેનું પૂરાણ કરાતું નથી. જેથી શાળાનાં બાળકો પડી જતાં તેમને ઈજા થાય છે. પાણી એટલું ઓછા પ્રેશરથી આવે છે કે મોટર મૂકીએ તો જ પાણી મળે છે.

## એસએસજીમાં થતા ફોગિંગના ફોટા અપલોડ કરવાનો આદેશ, મચ્છરોના ઉપદ્રવથી તબીબોને મચ્છરદાનીમાં રહેવું પડે છે

### હોસ્પિટલમાં બાંધકામથી મચ્છર વધ્યાઃ સુપરિન્ટેન્ડેન્ટ

સયાજી હોસ્પિટલના પરિસરમાં ચાલતા કન્સ્ટ્રક્શનને પગલે મેડિકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં મચ્છરદાની વચ્ચે રહેવાનો વખત આવ્યો છે. જ્યારે સયાજી હોસ્પિટલના સત્તાધીશોએ અસરકારક ફોગિંગ કરાઈ રહ્યું છે તેમ જણાવ્યું હતું. સાથે તેમણે લૂલો બચાવો પણ કર્યો છે કે, બાંધકામને પગલે મચ્છર થાય છે. બાંધકામ વિકાસનો ભાગ હોવાથી તેને ટકાવી શકાય નહીં.

સુપરિન્ટેન્ડેન્ટ ડો.રંજન ઐય્યરે કહ્યું કે, વિશ્વામિત્રીની સફાઈને પગલે નદીમાંથી દર વખતે થતો મચ્છરનો ઉપદ્રવ આ વખતે ઓછો છે. બાંધકામ સાઈટ પર તકેદારી રાખવા છતાં મચ્છર રહે છે, મચ્છરદાની એ આરોગ્ય રક્ષણ માટેનું પહેલું પગલું છે. જોકે ફોગિંગના ફોટો અપલોડ કરવા આદેશ આપ્યો છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા ગત વર્ષ કરતાં ડેન્ગ્યૂ પોઝિટિવની સંખ્યા ઓછી છે અને એક પણ મૃત્યુ થયું નથી. અસરકારક કામગીરી કરાઈ રહી છે, તેમ જણાવાય છે.

## પાલિકાનું ઓન ડ્યૂટીનું સ્ટીકર લગાવી ખાનગી સાઈટનું કામ કરતા ડમ્પર ચાલકની સામે ગુનો

### ગોત્રી નિલામ્બર સર્કલ પાસે ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે ડમ્પર ઊભું રાખ્યું હતું

ગોત્રી નિલામ્બર સર્કલ નજીક પાલિકાનું ઓન ડ્યુટી પેપર સ્ટીકર લગાવીને ટ્રાફિકને અડચણરૂપ બનતા ડમ્પર ચાલક સામે પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસે ડમ્પર પણ કબ્જે કરી લીધું હતું. ત્યારે ગોત્રી પોલીસે તપાસ કરતા પાલિકાના કોઈ પણ કોન્ટ્રેક્ટમાં ડેમ્પર ચાલતું નહોતું. પાલિકાના નામનું સ્ટિકર લગાવી ચાલક ખાનગી સાઈટનું કામ કરવા પહોંચ્યો હતો.

ગોત્રી પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ગોત્રી નિલામ્બર સર્કલથી ઘડીયાળ સર્કલ તરફ નવી બંધાતી સાઈટ ઈમ્પેરીયા એડ્ગ પાસે એક ડમ્પર આવતા-જતા વાહનને અડચણરૂપ ઉભુ હોય તેમ જણાયું હતું.

ડમ્પર જીજે-06-બીએક્સ-8639 નો પોલીસને જોવા મળ્યો હતો. ત્યારે નજીક ઉભેલા ડમ્પર ચાલકનું પોલીસે નામઠામ પૂછતા તેને પોતાનું નામ સુરેન્દ્રસિંહ પ્રતાપસિંહ પરમાર(રહે, ડેસર) હોવાનું જણાવ્યું હતું.

આ સાથે ડમ્પરના આગળના કાચે ઓન ડ્યુટી વીએમએસએસનું કાગળનું સ્ટીકર જોવા મળ્યું હતું. ત્યારે ડ્રાઈવરે તેનું ડમ્પર પાલિકામાં ન ચાલતું હોવાનું કહ્યું હતું. સાથે જ પાલિકાના કોઈ કોન્ટ્રેક્ટ હેઠળ પણ તે ન હોવાનું કહ્યું હતું.

ગોત્રી પોલીસ દ્વારા ટ્રાફિકને અડચણરૂમ થવા અંગે ડમ્પર ચાલક સામે ગુનો નોંધીને તેનું ડમ્પર રૂ.20 લાખનું કબ્જે કર્યું હતું. ગોત્રી પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે, નિલામ્બર સર્કલ નજીક ગટર લાઈન નખાઈ હતી. તે સમયે ડમ્પર ચાલક ત્યાં સામાન નાખતો હતો. જોકે તેનું કામ બંધ થયા બાદ ડમ્પર ચાલક પાલિકાનું કોઈ કામ કરતો નહોતો. તે હાલ કોઈ ખાનગી સાઈટ પર સામાન નાખવા ગયો હતો. પોલીસ આ મામલે કાર્યવાહી કરી રહી છે.





તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

# ઉપરાષ્ટ્રપતિપદે હવે કોની પસંદગી થશે...?

જગદીપ ધનખડે દેશના ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું ધરી દીધું એ મુદ્દે ભરપૂર ચોવટ ચાલી રહી છે અને મીડિયા, સોશ્યલ મીડિયા વગેરેના કહેવાતા નિષ્ણાતો પોતપોતાની રીતે પતંગ ચગાવી રહ્યા છે. કોઈનું કહેવું છે કે, ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાએ રાજ્યસભામાં ધનખડને અપમાનિત કરી નાખ્યા તેના કારણે લાગી આવતાં ધનખડે રાજીનામું ધરી દીધું તો કોઈ વળી જસ્ટિસ યશવંત વર્મા સામેની ઈમ્પીચમેન્ટ મોશનના મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર સાથે ડખો પડી ગયો તેમાં ધનખડનો વારો પડી ગયો એવા દાવા કરે છે. ધનખડે સત્તાવાર રીતે તો આરોગ્યના કારણે પોતે સામેથી રાજીનામું ધરી દીધું હોવાનો જ દાવો કર્યો છે પણ બિનસત્તાવાર રીતે ધનખડ પાસે રાજીનામું લખાવી લેવાયું હોવાની વાતો પુરજોશમાં ચાલી રહી છે. જેમના ઘરે આગ લાગી તેમાં ચલણી નોટો બળી ગયેલી એ જસ્ટિસ યશવંત વર્મા સામે મોદી સરકારે લોકસભામાં ઈમ્પીચમેન્ટ મોશન રજૂ કરેલી. મોદી સરકાર રાજ્યસભામાં પણ જસ્ટિસ વર્મા સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવવા માગતી હતી પણ સરકાર દ્વારા ઈમ્પીચમેન્ટ મોશન રજૂ કરાય એ પહેલાં વિપક્ષોએ રાજ્યસભામાં રજૂ કરેલી મોશનને ધનખડે સ્વીકારી લીધી. જસ્ટિસ વર્મા સામે સંસદનાં બંને ગૃહોમાં ઈમ્પીચમેન્ટ મોશન લાવીને નરેન્દ્ર મોદી સરકાર ન્યાયતંત્રમાં ચાલતા ભ્રષ્ટાચારને પોતે ચલાવી લેવા તૈયાર નથી એવો સ્પષ્ટ ને કડક મેસેજ આપવા માગતી હતી પણ ધનખડે વિપક્ષની મોશન સ્વીકારીને ભાજપના પ્લાનની હવા કાઢી નાખી તેમાં ભાજપના નેતા ભડક્યા અને ધનખડનું પત્તું કપાઈ ગયું એવી વાતો પણ ચાલી છે. આ વાતોમાં કેટલો દમ છે એ ખબર નથી પણ ધનખડને સરકાર સાથે કશુંક તો વાંકું પડ્યું જ છે એ નક્કી છે. ધનખડે સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે કામ કરેલું ને ઉપરાષ્ટ્રપતિની ઓફિસે ધનખડનો આખા અઠવાડિયાનો કાર્યક્રમ પણ જાહેર કરી દીધેલો. તેના પરથી સ્પષ્ટ છે કે, ધનખડે રાજીનામું આપવાનું પહેલેથી નક્કી નહોતું કર્યું. ધનખડ રાત્રે અચાનક સવા ૯ વાગે રાષ્ટ્રપતિભવન પહોંચ્યા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને રાજીનામું આપ્યું એ પણ પહેલેથી કશું નક્કી નહોતું તેનો સંકેત જ છે. આ બધાં કારણોસર ધનખડની વિદાય રહસ્યમય બનેલી છે. ધનખડે આપેલા રાજીનામાને સ્વીકારાયું કે નહીં તેનો ફોડ નહોતો પડાયો તેથી ભાજપ સરકાર તેમને મનાવી લેશે ને ઘીના ઠામમાં ઘી પડી જશે એવી વાતો પણ ચાલી હતી. આ વાતો વચ્ચે ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ કરી દેતાં ધનખડની વિદાય પાકી થઈ ગઈ છે અને હવે તેમને કોઈ મનાવવા નહીં જાય એ પણ નક્કી થઈ ગયું છે. તેના કારણે હવે ભાજપ ધનખડના કારણે ઉપરાષ્ટ્રપતિપદે કોને બેસાડશે તેની અટકળો વહેતી થઈ ગઈ છે. નીતિશ કુમારથી માંડીને શશિ થરૂર સુધીનાં નામો અત્યારે ચાલી રહ્યાં છે પણ આ નામોનો અર્થ નથી. ઉપરાષ્ટ્રપતિપદ દેશમાં બીજો સર્વોચ્ચ બંધારણીય હોદ્દો છે એ જોતાં નરેન્દ્ર મોદી સહિતના ભાજપના નેતા ભાજપના કોઈ નેતાને જ ઉપરાષ્ટ્રપતિપદે બેસાડવા માગે પણ સંસદનાં સમીકરણોને જોતાં તેમણે નમતું જોખીને સાથી પક્ષના કોઈ નેતાને બેસાડવો પડે એવું બની શકે. ધનખડ સર્વજ્ઞાતા હોય ને પોતે કહેલી વાત સવા વીસ હોય એ રીતે કોઈ પણ મુદ્દે જ્ઞાન વહેંચતા રહેતા. કોઈ રાજ્યના મુખ્યમંત્રી કે સુપ્રીમ કોર્ટની વિરૂધ્ધ બોલવું કોઈ રાજકીય પાર્ટીના નેતાને શોભે પણ ઉપરાષ્ટ્રપતિને ના શોભે એ વાત જ સમજવાની તેમની તૈયારી નહોતી. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે મમતા બેનરજીની ટીકા કરતા એ રીતે જ ઉપરાષ્ટ્રપતિ તરીકે પણ ટીકા કરતા. સુપ્રીમ કોર્ટ બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરીને પોતાની ફરજ બજાવી રહી છે એટલી સાદી વાતને પણ ધનખડે રાજકીય રંગ આપીને જે લવારા કર્યા એવા લવારા ભારતના ઈતિહાસમાં કોઈ રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિએ નથી કર્યા. ધનખડના પુરોગામી વેંકૈયાહ નાયડુએ ઉપરાષ્ટ્રપતિપદે ગૌરવ સાથે કામ કરેલું એ સ્વીકારવું પડે. નાયડુએ પાંચ વર્ષ દરમિયાન કોઈ વિવાદ ઊભા નહોતા કર્યા કે આંગળી ચીંધાય એવું કશું નહોતું કર્યું જ્યારે ધનખડને તો સતત ચર્ચામાં રહેવાની ખંજવાળ હતી એટલે ડખા જ કર્યા કરતા. ધનખડ તો મૂળ જનતા દળના હતા ને સત્તા માટે ભાજપના પડખામાં ભરાયેલા જ્યારે નાયડુ ભાજપના પાયાના પથ્થરોમાંથી એક હતા.

# મુખ્યમંત્રીના હસ્તે રૂપિયા ૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ નાવલી ખાતેના એનસીસી લીડરશીપ એકેડમી ભવનનું લોકાર્પણ



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે આણંદ જિલ્લાના નાવલી-દહેમી રોડ પર રૂપિયા ૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા એન.સી.સી લીડરશીપ એકેડમીના આધુનિક ભવનનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ નવનિર્માણ પામેલ આ ભવનનું તકતી અનાવરણ દ્વારા લોકાર્પણ કરી રાજય સરકારના આર્થિક સહયોગથી નિર્માણ પામેલ આ આધુનિક ભવનની મુલાકાત લઈ ભવનમાં ઉપલબ્ધ સુવિધાઓની માહિતગાર થયા હતા. મુખ્યમંત્રીએ એન.સી.સી લીડરશીપ એકેડમીના ભવનના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે એન.સી.સી. કેડેટ્સ દ્વારા મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના વિઝનરી માર્ગદર્શન અને સહયોગ દ્વારા નિર્મિત આ એકેડમી રાજ્યના યુવાનોમાં નેતૃત્વ, શિસ્ત અને રાષ્ટ્રીય સેવાનો ભાવ જાગૃત કરવાનું કેન્દ્ર બની રહેશે. જે એકેડમી યુવા સશક્તિકરણ અને રાષ્ટ્ર નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ એકેડમીનું નિર્માણ ગુજરાત સરકારની યુવા વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ગુજરાતમાં NCC તાલીમને નવી ઉંચાઈએ લઈ જવા માટે આ એકેડમી મહત્પૂર્ણ બની રહેશે, જે યુવાનોમાં નેતૃત્વ, દેશભક્તિ અને સામાજિક જવાબદારીના મૂલ્યોને ઉજાગર કરશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અમદાવાદ અને રાજપીપળામાં અત્યારે 1-1 એકેડમી કાર્યરત છે, હવે રાજ્યમાં ત્રીજી NCC લીડરશીપ એકેડમીનું નિર્માણ થયું છે. જેનું સંચાલન વલ્લભ વિદ્યાનગર ગ્રૂપ હેડક્વાર્ટર અંતર્ગત કરવામાં આવશે. જે ભવિષ્યમાં દેશનું નેતૃત્વ સાંભળે તેવા નાગરિકો તૈયાર કરશે. આ એકેડમીમાં તા. ૨૮ જુલાઈથી 'યુવા આપદા તાલીમ કેમ્પ' અને 'કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ' (CATC) શરૂ થશે. ત્યારબાદ સમયાંતરે NCC કેમ્પ્સનું કેમ્પસમાં આયોજન કરવામાં આવશે.

# સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ અને આવકવેરા વિભાગના સંયુક્ત ઉપક્રમે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના આવકવેરાના રીટર્ન ફોર્મના વિવિધ સુધારા મુદ્દે સેમીનાર યોજાયો

સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC) તેમજ આવકવેરા વિભાગના સંયુક્ત ઉપક્રમે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના આવકવેરાના રીટર્ન ફોર્મમાં આવેલ વિવિધ સુધારા બાબતે માહિતી તેમજ માર્ગદર્શન આપતો સેમીનાર યોજાવામાં આવ્યો હતો. જે અંતર્ગત .૨૫/૦૭/૨૦૨૫ ને શુક્રવારના રોજ સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC) તેમજ આવકવેરા વિભાગ વડોદરાના સંયુક્ત ઉપક્રમે આયકર સભાગૃહ, આવકવેરા વિભાગ, રેસકોર્સ, વડોદરા ખાતે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ ના વિવિધ આવકો માટેના દરેક અલગ અલગ ફોર્મમાં CBDT દ્વારા







આવકવેરા રીટર્ન ફોર્મમાં સુધારા આવેલ છે તે અંગે માહિતી તેમજ માર્ગદર્શન આપતો સેમીનાર યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન પ્રિન્સીપાલ કમિશનર ઓફ ઈન્કમ ટેક્ષ વડોદરાના શ્રીમતી ભાવના સી. યશરોય એ જણાવેલ હતું કે આપણે સૌ જાણીએ છીએ કે દેશમાં ૧૦ કરોડથી વધુ આવકવેરાના કરદાતાઓ થયેલ છે અને જયારે વડોદરા આવકવેરા રેન્જની વાત કરીએ ત્યારે આણંદથી લઈને અંકલેશ્વર સુધીના ભૌગોલિક વિસ્તારનો સમાવેશ થાય છે અને આ ખુબજ સમૃદ્ધ વિસ્તાર હોય ગત વર્ષે ૧૦ હજાર કરોડથી વધુ આવકવેરાનું કલેકશન થયેલ છે. ટેક્ષના વ્યવસાયીઓની ખુબજ મોટી જવાબદારી હોય અમારી વાત કરદાતાઓ સુધી તેમજ કરદાતાઓની વાત અમારા સુધી પહોચાડીને પરિણામકારી દેશના આર્થિક નિર્માણમાં ખુબ મોટો ફાળો આપી રહેલ છે અને આવા સેમીનાર યોજીને ફળદાયક ભાગીદારી તેમજ કામગીરીથી બંનેવને લાભ થાય છે. અને એમાં મુખ્ય દેશને લાભ થાય છે માટે ટેક્ષ વ્યવસાયીનું મહત્વ ખુબજ મોખરે છે.

આ પ્રસંગે જાણીતા ટેક્ષના નિષ્ણાંત વક્તા સી.એ. પલક પાવાગઢી દ્વારા તાજેતરમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માં આવકવેરાના પત્રક એટલે કે આવકવેરાના રીટર્ન ફોર્મ નં. ૧,૨,૩,૪,૫,૬,૭ માં CBDT દ્વારા જાહેર કરેલ ફોર્મમાં આવેલ વિવિધ સુધારાઓ અને ખાસ કરીને કેપિટલ ગેઈન તેમજ જુદી જુદી કર કપાતો માટેની દાવો કરવા માટે જેવી કે LIC, એજ્યુકેશન લોનનું વ્યાજ, PPF, હાઉસિંગ લોન, HRA ની વિસ્તૃત માહિતી ફોર્મમાં આપવાની રહેશે. તેની વિગતવાર તેમજ ઉંડાણ પૂર્વકની સમાજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઉપસ્થિત સૌને માહિતી સભર માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આવકવેરા અધિકારી શ્રી અંજેશકુમાર તેમજ કિશોરકુમાર દ્વારા આવક વેરા રીટર્ન ભરતી વખતે કરદાતાઓ દ્વારા તેમજ રીટર્ન તૈયાર કરતી વ્યક્તિ દ્વારા કઈ કઈ ભુલો થાય છે તેની માહિતી ઉપસ્થિત સૌને આપેલ હતી અને કાયદાના નીતિ નિયમો મુજબ તેમજ ચોકસાઈથી આવકવેરાનું રીટર્ન ભરાય તે અંગે માહિતગાર કરેલ હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી દિપકભાઈ અમીન, પ્રેસિડેન્ટ ઈમેરીટસ શ્રી ભાસ્કરભાઈ પટેલ, સેક્રેટરી શ્રી ધર્મેશભાઈ ગાંધી, ઉપપ્રમુખશ્રી પ્રગ્નેશભાઈ ભગત, ટ્રેઝરર શ્રી મનીષભાઈ શાહ સહીત મોટી સંખ્યામાં ચેમ્બરના સીનીયર સભ્યો, પૂર્વ પ્રમુખશ્રીઓ, સંસ્થાના સભ્યો તેમજ સેમિનારમાં ભાગ લેનાર વ્યક્તિઓએ આવકવેરાના ફોર્મમાં આવેલ વિવિધ સુધારા વિશે મહત્વપૂર્ણ તેમજ માહિતી સભર માર્ગદર્શન મેળવેલ હતું.

# પરિવારે 181 મહિલા હેલ્પ લાઈન પર કોલ કરી મદદ માગી અભયમની ટીમે યુવતીનું કાઉન્સિલિંગ કર્યું

બોલિવૂડની સુપર હિટ ફિલ્મ સૈયારાની યુવાધન ઉપર માઠી અસર પડી રહી છે અને તેમાં પણ ખાસ કરીને પ્રેમમાં પાગલ બનેલા યુવાનો અને યુવતીઓ તેનો ભોગ બની રહ્યા છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતી અને મેડિકલ કોલેજમાં લેક્ચરર તરીકે નોકરી કરતી યુવતી સૈયારા ફિલ્મ જોયા બાદ બે દિવસ રૂમમાં પુરાઈ ગઈ હતી. આ ચોંકાવનારો કિસ્સો લાલબત્તી સમાન છે.

મળતી માહિતી પ્રમાણે શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા અશોકભાઈ (નામ બદલ્યું છે) એ 181 મહિલા હેલ્પ લાઈન પર કોલ કરી જણાવ્યું હતું કે, તેમની ભત્રીજી અનિતા (નામ બદલ્યું છે) મેડિકલ કોલેજમાં લેક્ચરર છે. જે બે દિવસથી રૂમમાં પુરાઈ ગઈ છે અને ડિપ્રેશનમાં આવી ગઈ છે. કોલ મળતાની સાથે જ અભયમની ટીમ સ્થળ પર પહોંચી હતી અને કાઉન્સિલિંગ ટીમ દ્વારા અનિતાને સાંત્વના આપી ફિલ્મ અને વાસ્તવિક જીવનની અલગતા વિશે માહિતગાર કરી ફિલ્મની અસરમાંથી બહાર કાઢવાનો સફળ પ્રયાસ કર્યો હતો. અભયમની ટીમે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં યુવતીએ સૈયારા ફિલ્મ જોઈ હતી. આ યુવતીને એક યુવક સાથે ઘનિષ્ઠ મિત્રતા છે. જેથી તેને યાદ કરી ડિપ્રેશનમાં આવી ગઈ હતી. ફિલ્મ જોઈ ઘરે આવ્યા બાદ સુન મારી ગઈ હતી અને પોતાના પરિવાર સાથે કોઈ વાતચીત કર્યા વગર પોતાના બેડરૂમમાં જતી રહી હતી. દીકરીના એકાએક બદલાયેલા વલણ અને બે દિવસ રૂમમાં પુરાઈ રહેતા ચિંતિત બનેલા પરિવારે અભયમ ટીમનો સંપર્ક કરી મદદ માગી હતી. અભયમ ટીમ દ્વારા યુવતીને વાસ્તવિક પરિસ્થિતી મુજબ જીવવા અને ફિલ્મ એક મનોરંજન માટે હોય છે જેમાંથી સારી બાબતો સ્વીકારવાની હોય છે જે આપણને ઉપયોગી બને. ફિલ્મમાં આપેલા સંદેશ જરૂર પડતા અને આપણને અનુરૂપ યોગ્ય હોય તો અપનાવવાના હોય છે.

# ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં વિજેતા ખેલાડીઓને પુરસ્કારથી સન્માનિત કરાયા

ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2025નું આયોજન બરોડા બેડમિન્ટન એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં અંડર 11, 13, 19 અને ઓપન કેટેગરી વિજેતા ખેલાડીઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

તારીખ 19 જુલાઈથી સમા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે બરોડા બેડમિન્ટન એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2025નું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં 850 જેટલા બેડમિન્ટન ખેલાડી ભાઈઓ અને બહેનોએ વિવિધ વય જૂથમાં ભાગ લીધો હતો.





જેમાં અંડર 11,13,19 અને ઓપન કેટેગરીની કુલ 28 ઈવેન્ટ હતી. આજે 18 ઈવેન્ટના સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ ડબલ કેટેગરીમાં વિજેતા થનાર વિજેતા ખેલાડીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ટ્રોફી, સર્ટિફિકેટ અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આયોજક તથા આમંત્રિત મહેમાનોએ ગુજરાત અને વડોદરાનું નામ રોશન કરનાર આ ખેલાડીઓ ભવિષ્યમાં દેશનું નામ પણ રોશન કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

# સ્વસ્થ બાળકો, સશક્ત ભારત માટે - મંત્રૌષધિ સુવર્ણપ્રાશન કેમ્પ સફળતાપૂર્વક યોજાયો

જીવન જ્યોત નેચર ક્યોર એન્ડ યોગ સેન્ટર અને સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ વડોદરા દ્વારા પુષ્ય નક્ષત્રની પાવન તિથિ પર મંત્રૌષધિ સુવર્ણપ્રાશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં ૦ થી ૧૫ વર્ષના ૧૦૦થી વધુ બાળકોએ નિઃશુલ્ક સેવા રૂપે આરોગ્યપ્રદ લાભ લીધો હતો. જે ડી-૨૨, નંદનવન સોસાયટી, યૂનિટી હોસ્પિટલ પાછળ, જીઆઈડીસી વડસર બ્રિજ, વડોદરા ખાતે યોજાયું તું.

જેમાં મુખ્ય અથિથિ તરીકે ડૉ. સોનાલી માલવીયા અને ડૉ. નિરજ માલવીયા દંપતીએ શ્રદ્ધા અને સેવાભાવપૂર્વક સમગ્ર કેમ્પનું આયોજન કરાયું હતું.

મહેમાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમનું ગૌરવ વધાર્યું જેમાં વોકમેન ઓફ ઈન્ડિયા ડૉ. રાજુ એમ. ઠક્કર, શ્રી દીપકભાઈ અમીન - પ્રમુખ, સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ, યોગ કોચ આરતી બહેન, કલ્પેશભાઈ જૈસવાલ - મહામંત્રી, વડોદરા મહિલા મોરચા, ભારતીબેન ભદ્રેશ્વરા કોર્પોરેટર, વોર્ડ નં. ૧૮, ડૉ. અરુણ ચોક્સી પ્રમુખ આઈએનઓ, વડોદરા, શ્રીમતી સ્વાતિ જૈન, શ્રીમતી બેબી બિલવાલ તથા યુવા શ્રી પંકિલ ચાસ્કર હતા.

સુવર્ણપ્રાશનના લાભ છે પ્રતિરક્ષા શક્તિમાં વૃદ્ધિ, માનસિક ક્ષમતાઓ, સ્મૃતિ અને એકાગ્રતામાં સુધારો, શારીરિક વિકાસ, હાડકાં અને માસપેશીઓ મજબૂત બને, પાચન તંત્ર અને ત્વચા શુદ્ધિ, વારંવાર થતા વાયરસ ઈન્ફેક્શનો સામે રક્ષણ મળે છે. આ આયુર્વેદિક પ્રાચીન ગ્રંથ કાશ્યપ સંહિતા તથા વિશ્વનાથ ગુરુજીના સૂત્રો આધારિત છે અને તે ૬ માઈક્રો બાયોલોજીકલ અને ૪ હેવી મેટલ ટેસ્ટ્સથી પ્રમાણિત છે. આંકડા મુજબ, સંસ્થાએ અત્યાર સુધી ભારતભરના ૧૦ લાખથી વધુ બાળકોને સુવર્ણપ્રાશન પાન કરાવ્યું છે. વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ બાળકોને એક દિવસમાં



સુવર્ણપ્રાશન પાન કરાવવાનો વિશ્વ વિક્રમ પણ સ્થાપિત થયો છે. સ્વસ્થ બાળક - સશક્ત ભારત માટે આ સેવા ભવિષ્યના શ્રેષ્ઠ નાગરિક ઘડવામાં ઉપકારક બનશે - આ સંકલ્પ સાથે આયોજન પૂર્ણ થયું.

# વડોદરા રેલવે ડિવિઝનના સ્ટેશનો પર કેશલેસ બુકિંગમાં નોંધપાત્ર વૃદ્ધિ

વડોદરા રેલવે ડિવિઝનના પ્રતાપનગર સ્ટેશન 98 ટકા, અંકલેશ્વર સ્ટેશન 95.68 ટકા અને વડોદરા સ્ટેશન 62.14 ટકા સાથે ડિજિટલ લેન-દેનનો દર નોંધાયો હતો.

વડોદરા રેલવે ડિવિઝનના PRS (પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ) કાઉન્ટર પર કેશલેસ બુકિંગમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. 23 જુલાઈના રોજ, પ્રતાપનગર સ્ટેશન 98% કેશલેસ લેન-દેન સાથે સમગ્ર મંડળમાં ટોચ પર સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે અંકલેશ્વરમાં 95.68% અને વડોદરામાં 62.14% ટકા ડિજિટલ લેન-દેન નો પ્રશંસનીય દર નોંધાયો હતો. વડોદરા મંડળમાં પીઆરએસ કાઉન્ટર પર સરેરાશ ડિજિટલ ચુકવણી ટકાવારી 55.61% સુધી પહોંચી ગઈ છે, જે મુસાફરોના વધતા રૂઝાન અને મંડળની ડિજિટલ નીતિની સફળતાને દર્શાવે છે. મુસાફરો હવે UPI, ડેબિટ/ક્રેડિટ કાર્ડ જેવા સુરક્ષિત અને ઝડપી ડિજિટલ વિકલ્પોને પસંદ કરી રહ્યા છે, જે ટિકિટિંગ પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા ઉપરાંત સમયની પણ બચત કરી રહ્યા છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાન હેઠળ ભારતીય રેલવે દ્વારા ડિજિટલ લેન-દેન ને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવેલા પગલાંની સકારાત્મક અસર હવે દેખાઈ રહી છે.

# રેવા વેવ્ઝ સ્ટાર્ટઅપ થકી મહિલાઓ અને દિવ્યાંગ વ્યક્તિઓ બની રહ્યા છે પગભર

વડોદરાના વેદાંત મકવાણાએ 'રેવા વેવ્ઝ' નામનું એક પ્રેરણાદાયી ઈકો-સોશિયલ સ્ટાર્ટઅપ શરૂ કરીને નવીનતા અને ઉદ્દેશ્ય સાથે નવી દિશા કંડારી છે.

એમ.એસ. યુનિવર્સિટીમાં સમાજ કાર્યના વિદ્યાર્થી અને તરસાલીના નિવાસી વેદાંત મકવાણા, ગ્લોબલ વોર્મિંગ અને ઉપભોક્તા ઉત્પાદનોની પર્યાવરણીય અસર પ્રત્યેની ઊંડી ચિંતાથી પ્રેરિત છે. તેમની આ પહેલ માત્ર ગ્રીન ઈનોવેશન વિશે





નથી, પરંતુ તે લોકો દ્વારા સંચાલિત પરિવર્તન વિશે પણ છે. 'રેવા વેવ્ઝ' સક્રિયપણે મહિલાઓ અને દિવ્યાંગ વ્યક્તિઓને ટકાઉ ચીજવસ્તુઓના ઉત્પાદનમાં જોડે છે, તેમને કમાણી કરવા, શીખવા અને નેતૃત્વ કરવા માટે એક મંચ પૂરો પાડે છે. હાથથી બનાવેલ 15 થી વધુ ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનો સાથે, આ સ્ટાર્ટઅપે 2,000 થી વધુ યુનિટ્સનું વેચાણ કર્યું છે.

'રેવા વેવ્ઝ' ને ગુજરાત સરકાર (તાલીમ અને વિકાસ) તરફથી અનુદાન મળ્યું છે અને ગુજરાત ચેન્જમેકર્સ નેટવર્ક અને ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ (ISTD) જેવા પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ્સ તરફથી પ્રશંસા પણ મળી છે.

# વાઘોડિયાથી સેવાસદનનો સુવિધાપથ રોડનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

વાઘોડિયા તાલુકાની જનતાની સુખાકારી માટે વાઘોડિયાના મુખ્ય રસ્તા પરથી સેવા સદન સુધી જવા આવવા માટે વાહન ચાલકોની પડતી અગવડની ધારાસભ્ય દ્વારા રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગને રજૂઆત કરાતા રાજ્ય સરકાર દ્વારા સુવિધાપથની મંજૂરી આપી હતી.

આ માટે રાજ્ય સરકાર દ્વારા 1 કરોડ 15 લાખની ગ્રાન્ટ મંજૂર કરાઈ છે. આ સુવિધા પથ માટે તાંત્રિક મંજૂરી મળી જતા શનિવારે વાઘોડિયા તવરા મુખ્ય રોડથી સેવાસદન સુધી પહોંચવાનો સીધો અને સરળ શોર્ટ માર્ગ બનશે. આ રોડ 5 મીટર પહોળો અને 500 મીટર લાંબો બનાવાશે. જેમાં રોડની બંને સાઈટ વરસાદી ગટર વ્યવસ્થા પણ કરાશે. જેથી કરી ચોમાસા દરમિયાન રોડ પર પાણી ભરાશે નહીં.

વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા રોડનું ખાતમુરત કરાયું હતું. જેમાં વાઘોડિયા મામલતદાર કચેરીના કર્મચારી સહિત સરપંચો, આગેવાનો અને કાર્યકર્તાઓ સહિત વાઘોડિયા માર્ગ મકાન કચેરીના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ રોડ બની જતા કચેરીએ કામકાજે આવતા લોકોને વાકાચુકા વળાંક વાડા રોડથી છુટકારો મળશે અને પ્રજા માટે આશીર્વાદરૂપ બનશે.

# શહેરની માળખાકિય સુવિધાના વિકાસ માટે પૈસાની કોઈ અછત નથી : મુખ્યમંત્રી

શુક્રવારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નડિયાદમાં કરોડો રૂપિયાના વિકાસનાં કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. નડિયાદ શહેરના વિકાસના કામો અને જિલ્લાને સ્પર્શતા મહત્વના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. મહત્વનો પ્રોજેક્ટ ગણાતા પ્રગતીનગરમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના 133 કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર ૭૦૦ જેટલા મકાનોના પ્રોજેક્ટનુ ખાતમુહૂર્ત ભુપેન્દ્ર પટેલે કર્યું હતું. આ સાથે તેઓ નડિયાદ પીપલગ રોડ પર યોગી ફાર્મ ખાતેથી જાહેર સભાને સંબોધી હતી. જ્યા મુખ્યમંત્રીએ સ્વચ્છતા મુદ્દે ટકોર કરી હતી અને કહ્યું કે, સાહેબ આવે છે રોડ બની ગયા સ્વચ્છ થઈ ગયા, અમે એવુ નથી ઈચ્છતા, સ્વચ્છતા તો રોજ





હોવી જોઈએ.

આ પ્રસંગે ભુપેન્દ્ર પટેલે યોગીફાર્મ ખાતેથી જનમેદનીને સંબોધતા જણાવ્યું કે, નડિયાદ મહાનગરપાલિકા દ્વારા ચાલતાં કામો ગુણવત્તા યુક્ત રહેશે અને આ સ્ટેપ પર ચાલે તો અમે ભંડોળ માટે ના નહીં પાડી શકીએ, આ આવાસો 2 વર્ષમાં પુરા થઈ જશે. સરદાર પટેલ, ઈન્દુલાલ યાજ્ઞિક અને રવિશંકર મહારાજને યાદ કરી તેમણે જણાવ્યું કે, સરદાર પટેલની દોઢસોમી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રૂપિયા 243 કરોડથી વધુ વિકાસના કામો નડિયાદને આપ્યા છે. નડિયાદને 162 કરોડના કામો વેગવંતા થયા છે. સાડા છ મહિનામાં જ આ મોટી કિંમત આપી છે.

**મહેસાણામાં 112.21 કરોડનાં વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું**

# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને શહેરી વિકાસ વર્ષની ઉજવણી



મહેસાણા કોર્પોરેશન દ્વારા શનિવારે ટાઉનહોલમાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને શહેરી વિકાસ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મંત્રીના હસ્તે મનપા વિસ્તારમાં રૂ,૧૧૨.૨૧ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયું હતું તેમજ મનપાની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરાઈ હતી. ઉપરાંત અર્બન ડેવલપમેન્ટ એક્શનપ્લાન બુકનું વિમોચન પણ કરાયું હતું.

આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, મહેસાણાના નગરજનોએ જોયેલું મનમોહક મહેસાણાનું સ્વપ્ન હવે સાકાર થશે. રૂ.૧૧૨ કરોડથી વધુનાં વિકાસ કામોનું લોકાર્પણ ખાતમુહૂર્ત થયું છે, આગામી દિવસોમાં બાગ-બગીચાનો વિકાસ, રોડ-રસ્તા, તળાવ બ્યુટીફિકેશન સહિતનાં કામો હાથ ધરાશે. જેનો લાભ શહેરીજનોને મળશે, જેને જાળવવાની જવાબદારી પ્રજાએ નિભાવવી પડશે. તેમણે સ્વચ્છતા જાળવવા તેમજ પાણી અને વીજળી બચાવવા અપીલ કરી હતી. તેમણે નગરપાલિકાઓ અને કોર્પોરેશનનોએ જરૂર મુજબ ડાયરેક્ટ ટેક્સ લેવો જોઈએ તેમ પણ કહ્યું હતું.

# નડિયાદ નાઈટ સાયકલોથોન: સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી માટે એક સુંદર પહેલ

**ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવ અને મનપા કમિશનરશ્રી જી.એચ.સોલંકીએ સાયકલ ચલાવીને નગરજનોને ફીટ રેહવા આપ્યો સંદેશ**

નડિયાદ શહેરના નાગરિકોમાં સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ વધારવાના ઉદ્દેશ્યથી નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક અનોખી નાઈટ સાયકલોથોન ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટનો પ્રારંભ ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવ અને મનપા કમિશનર શ્રી જી.એચ.સોલંકી દ્વારા ફ્લેગ ઓફ કરી કરવામાં આવ્યો હતો. આ તમામ મહાનુભાવોએ સ્વયં સાયકલ ચલાવીને નગરજનોને ફિટ રહેવાનો સંદેશ આપ્યો હતો.

ફિટ ઈન્ડિયા અને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત સ્વાસ્થ્યપૂર્ણ જીવનનો સંદેશો આપતી આ સાયકલ રેલીમાં મોટી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાયકલોથોનનો રૂટ ખેતા તળાવથી શરૂ થઈને વાણીયાવાડ, કિડની હોસ્પિટલ, પારસ સર્કલ થયી પાછા ખેતા તળાવ સુધીનો ત્રણ કિલોમીટરનો હતો, જે સહભાગીઓએ માત્ર ૧૨ મિનિટમાં






પૂર્ણ કર્યો હતો. આ ઈવેન્ટની સૌથી મોટી વિશેષતા એ હતી કે આ કોઈ પ્રતિસ્પર્ધા ન હતી, પરંતુ મેદસ્વીતા સામે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત કરવામાં આવી હતી.

# સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીએ સંકલ્પભૂમિની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી

રાજ્ય સરકાર દ્વારા વડોદરાના કમાટીબાગ સ્થિત નિર્માણાધીન વિશ્વવિભૂતિ ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની સંકલ્પભૂમિ અને તેમાં બાંધવામાં આવી રહેલા સંકલ્પભવનની આજે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાએ મુલાકાત લીધી હતી અને વિકાસકાર્યોની સમીક્ષા કરીને જરૂરી સૂચનો આપ્યા હતા. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "આ સંકલ્પભૂમિ એવું પ્રેરણાસ્થળ બનશે જ્યાંથી ડૉ. બાબાસાહેબના જીવન સંદેશો અને તેમની વિચારધારાનું નવી પેઢી સમર્થન કરશે. આ સ્થળ માત્ર ઈતિહાસ નથી, પણ સમાજ માટે માર્ગદર્શક દીવારૂપ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, "આ સંકલ્પભૂમિ એ જગ્યાએ આવેલી છે જ્યાંથી ડૉ.



બાબાસાહેબે સમાજના ઉત્થાન માટે પોતાનું જીવન અર્પિત કરવાનો સંકલ્પ કર્યો હતો. આજે પણ આ ભૂમિ સમર્પણ અને સંકલ્પનું પાવન પ્રતિક છે." આ મુલાકાત દરમિયાન શહેર ભાજપના પ્રમુખ શ્રી જયપ્રકાશ સોની, મ્યુનિસિપલ કમિશનર શ્રી અરુણ મહેશબાબુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, એડી. કલેકટર શ્રી બી. એસ. પટેલ, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને સામાજિક ન્યાય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાતરની કમઠાણ જોવા મળી:જંબુસરમાં ખાતરની એક હજાર ગુણ આવી,ખરીદવા માટે ખેડૂતોની કતાર

જંબુસરમાં યુરિયા ખાતરની 1 હજાર ગુણ આવી, ખરીદવા માટે ખેડૂતોની કતાર લાગી હતી. ઉઘાડ બાદ ખેતરમાં વરાપ નીકળતાં વાવણીકાર્યમાં જગતનો તાત જોતરાયો છે તેવામાં હવે ખાતરની કમઠાણ જોવા મળી રહી છે.

જંબુસર પંથકમાં આ વર્ષે સારો વરસાદ પડવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ હતો અને આ વર્ષે સારો પાક થશે તેવી આશા રાખી અને છેલ્લા 15 દિવસથી વરસાદે વિરામ લેતા અને ખેતરમાં વરાપ આવતા જંબુસર પંથકમાં હજારો હેક્ટરમાં વાવણીની શરૂઆત કરવામાં આવી જેમાં મુખ્યત્વે કપાસ અને તુવેર ના બીજ રોપવામાં આવ્યા વાવણી કર્યા બાદ ખેતરમાં સારો પાક ઉતરે યુરિયા ખાતરનો છંટકાવ કરવામાં આવે છે પરંતુ ખાતરની અછત હોવાથી લોકોને ખાતર મળતું ન હતું.

આગેવાનોએ ધારાસભ્ય ડી. કે. સ્વામીને રજૂઆત કરતા એમને એક હજાર ગુણ ખાતરની વ્યવસ્થા કરવામાં આવી લોકોને જાણ થતા પ્રધાનમંત્રી કૃષિ વૃદ્ધિ કેન્દ્ર ખાતે ખાતર લેવા લાંબી કતારો માં વહેલા સવારથી જ આવી પહોંચ્યા હતા . પરંતુ ખાતરની આવક ઓછી હોવાથી અમુક લોકોને નિરાશા સાંપડી હતી. ભાજપ કિસાન મોરચાના સભ્ય અને નર્મદા જિલ્લા પ્રભારી કમલેશ પટેલ ના જણાવ્યા અનુસાર ઢાઢર નદીના બ્રિજ ઉપર ભારે વાહનના પ્રતિબંધને લીધે 50 કિલોમીટરનો ફેરાવો આવો થાય છે. ખાતરની ગાડીઓ માટેનું ભાડું ધારા ધોરણ મુજબ નક્કી થયેલ છે જેથી વધારાના કિલોમીટર નું ભાડું કોણ ભોગવે તે મોટો પ્રશ્ન છે



# હાઉસ ઓફ હ્યુમેનિટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દીકરીઓ માટે 'પ્રોજેક્ટ સિતારે'નો આરંભ

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ઉદ્ઘાટન**

હાઉસ ઓફ હ્યુમેનિટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દીકરીઓના સર્વાંગી વિકાસ માટે "પ્રોજેક્ટ સિતારે" નો આરંભ કરવામાં આવ્યો છે. રાજ્યની મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટ અંતર્ગત 6 થી 18 વર્ષની વયની દીકરીઓને નિવાસી વ્યવસ્થા સાથે ગુણવત્તાપૂર્વકનું શિક્ષણ, સંતુલિત આહાર, આરોગ્યની સંભાળ, ભાવનાત્મક આધાર તેમજ લાઈફ સ્કિલ ટ્રેનિંગ આપવામાં આવશે. શરૂઆતમાં અહીં 25 દીકરીઓને દાખલ કરવામાં આવી રહી છે.

પ્રોજેક્ટની વિશેષતા એ છે કે અહીં દીકરીઓને માત્ર ઘર પૂરતું નથી, પરંતુ તેમના લગ્ન કે આત્મનિર્ભરતા સુધી તાલીમ અને માર્ગદર્શન પણ આપવામાં આવશે. તેઓ પોતાના સપનાઓ મુજબ ડોક્ટર, વકીલ, શિક્ષક કે કલાકાર બની શકે એવી શક્તિ તેઓમાં નિર્માણ થશે.



આ પ્રોજેક્ટ ગુજરાત સરકારના સમાજ સુરક્ષા વિભાગ હેઠળ Children for Girls Shelter તરીકે રજીસ્ટર થયેલું છે અને રાજ્યના માર્ગદર્શન સિદ્ધાંતોને અનુસરીને સુરક્ષા, પુનર્વસન અને બાળ વિકાસના સર્વોચ્ચ ધોરણ મુજબ સંચાલિત થશે.

હાઉસ ઓફ હ્યુમેનિટી ટ્રસ્ટના પ્રમુખ શ્રી હર્ષ રાવેએ જણાવ્યું કે, "પ્રોજેક્ટ સિતારે માત્ર એક ઘર નથી, તે દરેક દીકરી માટે સ્વમાન અને આત્મવિશ્વાસથી ભરેલું ભવિષ્ય ઘડવાનો પ્રયાસ છે."

આ પ્રસંગે વિધાનસભાના દંડક શ્રી બાલુભાઈ શુકલ, ધારાસભ્ય શ્રી ચૈતનભાઈ દેસાઈ, મણીષાબેન વકીલ, શ્રી કેયુરભાઈ રોકડિયા, ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ શહેર ભાજપ પ્રમુખ તેમજ પ્રોજેક્ટના સલાહકારો શ્રીમતી તેજલ અમીન, શ્રીમતી રુચા શુક્લા, ડૉ. કાનન પારીખ અને શ્રી શમન ગ્રેવાલ તેમજ શહેરના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા પોલીસની ત્વરિત કાર્યવાહી:રીક્ષામાં ભૂલાયેલી બેગ સાથે 1.60 લાખ રૂપિયા માલિકને પરત કર્યા

ગોધરા શહેર "એ" ડિવિઝન પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં એક ખોવાયેલી બેગ શોધી કાઢીને અરજદારને રૂ. ૧.૬૦ લાખ પરત કર્યા છે.

તા. ૨૩ જુલાઈના રોજ અરજદાર ભરતભાઈ ભયજીભાઈ સોલંકીએ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી હતી. તેઓ દશામાની મૂર્તિ ખરીદવા બજારમાં ગયા હતા. સવારે આશરે ૯:૦૦થી ૯:૧૫ દરમિયાન તેઓ બાવાની મઢી પાસેની રીક્ષામાં બેઠા હતા. ઘરે પહોંચ્યા બાદ તેમને જાણવા મળ્યું કે તેમની બેગ રીક્ષામાં રહી ગઈ છે. આ બેગમાં રોકડા રૂ. ૧.૬૦ લાખ હતા.

અરજી મળતાની સાથે જ પંચમહાલ રેન્જના પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી, જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી અને નાયબ પોલીસ અધિક્ષક એન.વી. પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી શરૂ થઈ. પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. વસૈયાના નેતૃત્વમાં ઝડપી પગલાં લેવામાં આવ્યા. સર્વેલન્સ સ્ટાફના પોસઈ એન.ડી.



ભગોરા અને તેમની ટીમે સીસીટીવી ફૂટેજની તપાસ કરી. તેમણે રીક્ષા ચાલકની ઓળખ કરી અને ખોવાયેલ બેગ સાથે રૂ. ૧.૬૦ લાખની રોકડ રકમ રિકવર કરી. આ રકમ અરજદારને પરત આપવામાં આવી. આ કામગીરીમાં પીઆઈ આર.એમ. વસૈયા, પોસઈ એન.ડી. ભગોરા, એએસઆઈ કિરણસિંહ જગતસિંહ, એએસઆઈ પર્વતસિંહ સોમાભાઈ, અપોકો જીતેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ અને એએસઆઈ બળવંતસિંહ ગુલાબસિંહએ પ્રશંસનીય ભૂમિકા નિભાવી હતી.

# ગોધરા સિવિલના મેટરનિટી વોર્ડમાં એક ખાટલા પર બે પ્રસૂતાઓ સુવા મજબૂર

36 બેડની ક્ષમતા સામે દર્દીઓની સંખ્યા વધતા એક જ બેડ પર સુવડાવાની નોબત

ગોધરા મેડીકલ કોલેજ માન્ય સિવિલમાં મેટરનીટી વિભાગના વોર્ડમાં પ્રસુતાઓની સંખ્યાનો ધસારો વધતા વોર્ડમાં એક પંલગ પર બે પ્રસુતાઓને સુવાડવાની નોબત આવી રહી છે.મેટરનીટી વિભાગના બે વોર્ડમાં 36 બેડ સામે પ્રસુતાઓની સંખ્યા વધુ થતા હાલાકીઓ થાય છે. ત્યારે સિવિલના સત્તાધીશોને અન્ય જગ્યાની સુવિધા કરવાનો સવાલ કરતા કોઈ જવાબ મળ્યો નથી.

ગોધરા સિવિલ ખાતે ગરીબ પ્રજા સારવાર અર્થે આવતી હોય છે. મેટરનીટી વિભાગમાં 24 બેડનો વોર્ડ આવેલ છે. પરંતુ પ્રસુતાની સંખ્યામાં વધારો થતા એક 12 બેડનો બીજો વોર્ડની સુવિધા કરી છે. મેટરનીટીના 2 વોર્ડમાં કુલ 36 બેડ સામે વધુ દર્દીઓ તો કોઈવાર બેડ કરતા ઓછા દર્દીઓ આવે છે .ત્યારે 36 બેડ કરતા વધુ પ્રસુતાઓ આવતા વોર્ડમાં બેડની સુવિધાઓ ઓછી હોવાથી હાલાકીઓ થાય



છે.

એક વોર્ડનો વધારો કરેલ છતાં પણ સ્થિતિ ઠેરની ઠેર છે.ગુરુવારે મેટરનીટી વોર્ડમાં દર્દીઓની વધુ થતા વધુ બેડ ન હોવાથી પ્રસુતાઓને એક જ બેડ પર બે પ્રસુતાઓને નવજાત સાથે સુવડાવી પડી રહી છે. જિલ્લાની મેડીકલ કોલેજ માન્ય હોસ્પીટલ હોવા છતાં મેટરનીટી વોર્ડમાં બેડની સુવિધાઓ ઓછી હોવાથી પ્રસુતાઓને એક જ બેડ પર સુવા મજબૂર બન્યા છે.









# હમારા ઘર યતીમખાના બચાવ સમિતિ માં જોડાવો

વર્ષ 1969 માં રમખાણોમાં અનાથ થયેલ 6 મુસ્લિમ બાળકોની પરવરિશ કરવાના હેતુથી શરૂ થયેલ વડોદરા ખાતે આવેલ હમારા ઘર યતીમ ખાના કે જે યતીમ બાળકોના પાલનપોષણ, શિક્ષણ આપવા તથા યતીમ બાળકોના ભવિષ્ય બનાવી પગભર કરવાના પવિત્ર હેતુથી હમારા ઘર યતીમ ખાનાની સ્થાપના કરવામાં આવેલી.

શરૂઆતમાં મરહુમ મૌલાના સિદીક સાહેબ, વકીલ દાયમાં કુમાર સાહેબ, અચ્છમીયા સાહેબ, ખૈરૂવાલા સાહેબ, ગામા પહેલવાન સાહેબ વિગેરે અગ્રણીઓ તથા શહેર દરેક સમાજના મુસ્લિમ સામાજિક કાર્યકર્તાઓએ ધન મનથી મહેનત કરી અલ્લાહની પ્રસન્નતા મેળવવા યતીમખાનાની સેવા કરી હતી. જેના ફળ સ્વરૂપે સેંકડો બાળકોએ ઉચ્ચ શિક્ષણ મેળવી આજે પગભર થઈ સારું જીવન જીવી રહ્યા છે.

વર્ષ 2007 ની આસપાસ યતીમખાના માં બે ગ્રુપ થઈ ગયા હતા જેમાં યતીમખાનાનાં સંચાલન બાબતે વર્ષો સુધી કાયદાકીય લડાઈ ચાલી હતી.

સદર કાયદાની લડાઈનો ગેરલાભ ઉઠાવી ઉઠાવી એક સમયના યતીમખાનામાં આશ્રય લેનાર આજે ગેરકાયદેસર રીતે વડોદરા શહેરના મુસ્લિમોને અંધારામાં રાખી પ્રમુખ અને ટ્રસ્ટી બની ગયા છે. યતીમખાનામાં વર્ષોથી નોકરી કરનાર આજે જોઈન્ટ સેક્રેટરી બની ગયા છે. તેવીજ રીતે રેલવેથી નિવૃત થઈ વર્ષ 2012-13 થી નોકરી કરનાર જનરલ સેક્રેટરી બની ગયા છે. યતીમખાનામાં જે મદદ આવે છે તેની સામે યતીમખાનામાં આશ્રય લેનાર બાળકોને લાભ મળી રહ્યો નથી.

વડોદરા શહેરના મુસ્લિમો કે જે યતીમખાનામાં સભ્ય બની યતીમખાનાનો વિકાસ થાય, વધુમાં વધુ યતીમ બાળકો લાભ લે તે બાબતે કામ કરવા ઈચ્છતા વ્યક્તિઓને સામાન્ય સભ્ય બનાવવામાં આવતા નથી. હાલમાં યતીમખાનામાં નોકરી કરનાર તથા યતીમખાનામાં આશ્રય લેનાર પોતે યતીમખાનાનાં માલિક હોય તે રીતે વર્તન કરી યતીમખાના તથા ત્યાંના બાળકોના વિકાસમાં બધા ઊભી કરી રહ્યા છે.

માહિતી આપનાર
શૌકત ઇન્દોરી

હમારા ઘર યતીમખાના એ વડોદરા શહેર સ્તરની સંસ્થા છે જેમાં વડોદરા શહેરના જાગૃત અને સેવાભાવી વ્યક્તિ સામાન્ય સભ્ય બની શકે છે પરંતુ હાલની ત્રિમૂર્તિ માલિક બનીને જોહુકમી ચલાવી રહ્યા છે. અન્ય ગણ્યાગાંઠ્યા સભ્યો છે જે આ ત્રણ વ્યક્તિઓના 'yes Man' બનીને કામ કરી રહ્યા છે. અમદાવાદ અને સુરત ખાતે આવેલ યતીમખાના ખૂબ જ તરક્કી કરી સમાજને યોગ્ય ફાયદો પહોંચાડી રહ્યા છે. જ્યારે વડોદરા શહેર માં આવેલ હમારા ઘર યતીમખાનાનો વિકાસ રુંધાઈ ગયેલ છે, પ્રામાણિકતાથી સંચાલન કરવામાં આવી રહ્યું નથી. હાલમાં જોવામાં આવે તો ત્રણ વ્યક્તિઓ જ હમારા ઘર યતીમખાના નું સંચાલન કરી રહ્યા છે જેથી વડોદરા શહેરના દરેક જાગૃત વ્યક્તિની જવાબદારી છે કે હમારા ઘર યતીમ ખાના ને બચાવવા આગળ આવી યોગદાન આપે. ટૂંક સમયમાં હમારા ઘર યતીમ ખાના બચાવ સમિતિની જાહેરાત કરી કાયદેસર તથા લોકશાહી ઢબે આંદોલન કરવામાં આવશે તથા હમારા ઘર યતીમખાનાને બચાવવા પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવશે. ઈન્શાઅલ્લાહ હમારા ઘર યતીમખાના બચાવ સમિતિમાં જોડાવવા ઈચ્છિત વ્યક્તિએ નીચે આપેલ નંબર પર પોતાનું નામ તથા સરનામું લખી "મારે હમારા ઘર યતીમખાના બચાવ સમિતિમાં જોડાવવું છે" તેવો મેસેજ કરી સમિતિમાં જોડાવવું.

આગળની કાર્યવાહી બાબતે સમિતિની મિટિંગમાં નક્કી કરવામાં આવશે

# જો વરસાદ નહીં હોય તો ૩૦મીએ રિપેરિંગ માટે શટડાઉન લેતા અડધા શહેરમાં પાણી નહીં મળે

## શહેરના ઉત્તર અને પૂર્વ વિસ્તારને અસર થશે પાંચ સ્થળે રિપેરિંગ માટે ૧૮ ટીમો કામે લાગશે

વડોદરા, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગની પ્રોજેકટ શાખા તા.૩૦ના રોજ પાણીના લાઇનનું જોડાણ, લાઇન શિફટિંગ સહિતની કામગીરી માટે શટડાઉન લેવા વિચારી રહી છે. જો વરસાદ નહીં હો તો આ દિવસે શટડાઉનને લીધે ઉત્તર અને પૂર્વ વિભાગને પાણી નહીં મળે.

જીએસએફસી મેનગેટ સામે રાયકા-દોડકાની સંયુક્ત લાઇન ૫૬ ઇંચની પસાર થાય છે. આ મુખ્ય ફિડર લાઇન સાથે ૬૧ ઇંચ ડાયામીટર લાઇનનું જોડાણ કરવાનું છે.

૫૬ ઇંચની લાઇન હાલ બ્રિજ નીચેથી પસાર થઇ રહી હોવાથી નવી લાઇનનું જોડાણ કરાશે. દોડકા ફ્રેન્ચવેલ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે. જેમાં દોડકા ફ્રેન્ચવેલથી ૨૪ ઇંચ ડાયામીટરની લાઇનનું રાયકાના નાકે જોડાણ કરવામાં આવશે. દોડકા ટ્રીટમેન્ટ પ્લાન્ટની લાઇન બે જગ્યાથી આવે છે. તેને આ નવા જોડાણ સાથે સાંકળી લેવાશે. હાલ રાયકા કૂવા ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ ચાલે છે તેની ૩૬ ઇંચની ફિડર લાઇનનું શિફટિંગ કરીને નવી લાઇન સાથે જોડાણ કરાશે. મધ્ય ગુજરાત વીજ નિગમના રાયકા ફ્રેન્ચવેલ ખાતેના સપ્લાય યુનિટને પણ ખસેડવાનું છે. કુલ ૧૮ ટીમ આ કામગીરીમાં લાગશે અને ૧૮ થી ૨૦ કલાકનું શટડાઉન લઇ કામગીરી કરશે. આ ઉપરાંત સમા એબેક્સ સર્કલ ખાતે હાલ ઓવરબ્રિજની કામગીરી ચાલે છે. બ્રિજના એલાઇન્મેન્ટમાં પિલર નીચે એક લાઇન પસાર થાય છે, તે પણ ખસેડીને તેનું જોડાણ કરવામાં આવનાર છે.

# સૌથી મોટી મકરપુરા જીઆઈડીસીમાં 2005 બાદ રોડ બનાવાયા નથી

વડોદરાઃ વડોદરા શહેર જિલ્લાની સૌથી મોટી મકરપુરા જીઆઈડીસીના ઉદ્યોગકારોએ આઠ મહિના પહેલા રસ્તા,ગટર, લાઈટો, દબાણોના મુદ્દે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.આઠ મહિના પછી પણ જીઆઈડીસીની દુર્દશા યથાવત છે.તેમાં પણ ચોમાસાના આગમન પછી ઉબડ ખાબડ રસ્તાઓ ઉદ્યોગો માટે પરેશાની સર્જી રહ્યા છે.

જીઆઈડીસીના ઉદ્યોગો સાથે સંકળાયેલા સૂત્રોના કહેવા અનુસાર મકરપુરા જીઆઈડીસીમાં નાના અને મધ્યમ કક્ષાના ૪૦૦૦ જેટલા ઉદ્યોગો છે અને આ ઉદ્યોગો મ્યુનિસિપલ કોર્પોરેશનને દર વર્ષે ટેકસ પેટે લગભગ ૪૦ કરોડ રુપિયા ચૂકવે છે.આમ છતા પાયાની સુવિધાઓ માટે ઉદ્યોગકારોએ આજીજી કરવી પડી રહી છે.આઠ મહિના પહેલા ઉદ્યોગકારોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી ત્યારે સ્ટ્રીટ લાઈટોની સમસ્યાને હલ કરવામાં આવી હતી.જોકે બીજા પ્રશ્નો તો હજી પણ યથાવત છે.

જીઆઈડીસીમાં છેલ્લે ૨૦૦૫માં રોડ બનાવવામાં આવ્યા હતા.એ પછી રોડ જ બન્યા નથી અને જીઆઈડીસીમાં અવર જવર કરતા વાહનોની સંખ્યામાં ચાર ગણો વધારો થઈ ચુકયો છે.ચોમાસામાં તો રોડની હાલત વધારે ખરાબ થઈ ગઈ છે.ચોમાસા પહેલા જીઆઈડીસીના વરસાદી કાંસોની સફાઈ પણ કરવામાં આવી નહોતી.આમ વધારે વરસાદ પડે તો પાણી ભરાવાનો પણ ડર છે.ઉપરાંત દબાણોની અને આડેધડ પાર્કિંગની સમસ્યા પર પણ તંત્ર ધ્યાન આપી રહ્યું નથી.

ગત નવેમ્બર મહિનામાં આ મુદ્દે વીસીસીઆઈના નેજા હેઠળ ઉદ્યોકારોએ કોર્પોરેશન સમક્ષ રજૂઆત પણ કરી હતી.તેમનું કહેવું હતું કે, અમે કરોડો રુપિયાનો વેરો કોર્પોરેશનને ચુકવીએ છે પણ તેના બદલામાં અમને પ્રાથમિક સુવિધાઓ મેળવવાનો પણ હક નથી તેવું કોર્પોરેશનના શાસકો માની રહ્યા છે.

## જેટલી મજબૂત લૉજિસ્ટિક, એટલી મજબૂત સીમાઓ : રાજનાથસિંહ

# ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનાં ત્રીજા દીક્ષાંત સમારોહમાં 194 વિદ્યાર્થીઓને પદવી એનાયત

વડોદરા ખાતે ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનો ત્રીજો પદવીદાન સમારોહ આજે યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. આ કાર્યક્રમને સંબોધિત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે ભારત તેના માળખાગત સુવિધાઓ અને લોજીસ્ટિક્સ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ પરિવર્તન જોઈ રહ્યું છે, જે દેશના આર્થિક વિકાસ માટે મજબૂત પાયો નાખે છે.તેમણે લોજિસ્ટિક્સનાં મહત્વને સમજાવતા તેમણે જણાવ્યું હતું કે જેટલી મજબૂત લોજિસ્ટીક સેવાઓ, તેટલી જ મજબૂત આપણી સીમાઓ રહે છે. દેશના કોઈ



એક ભાગમાં તૈયાર થતાં સંરક્ષણ ઉત્પાદનો કે સૈનિકો માટેની ખાદ્ય સામગ્રી આપણે સમયસર સીમા પર પહોંચાડીએ છીએ, ત્યારે સીમા પ્રહરીઓનું મનોબળ મજબૂત બને છે. દીક્ષાંત સમારોહને સંબોધન કરતા કેન્દ્રીય રેલવે મંત્રી અને ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયનાં ચાન્સેલર અશ્વિની વૈષ્ણવે છેલ્લા 11 વર્ષમાં ભારતીય રેલવેમાં થયેલા પરિવર્તનકારી ફેરફારો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે માહિતી આપી કે એક વર્ષમાં જ રેલ નેટવર્કમાં 5,300 કિમીનું વિસ્તરણ થયું છે, જ્યારે ટનલ બાંધકામનો વ્યાપ 368 કિમી સુધી પહોંચ્યો છે. દિક્ષાંત સમારોહમાં કુલ 194 વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં ડિગ્રી પ્રાપ્ત થઈ છે. દરેક કોર્ષમાંથી એક વિદ્યાર્થીને શૈક્ષણિક શ્રેષ્ઠતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, જીએસવીનાં વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ મનોજ ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની છેલ્લા ત્રણ વર્ષની કામગીરી અંગેની માહિતી આપી હતી.આ કાર્યક્રમમાં વડોદરાનાં સાંસદ ડૉ હેમાંગ જોશી, રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

# નંદેસરી અને આસપાસ રહેતા હજારો લોકો અને ઉદ્યોગો હેરાન પરેશાન

વડોદરાઃ ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ વહીવટી તંત્રે નંદેસરીનો મિનિ નદી પરનો બ્રિજ બંધ કરી દીધા બાદ નંદેસરી અને આસપાસમાં રહેતા હજારો લોકો તથા જીઆઈડીસીના ઉદ્યોગકારોની હાલત કફોડી બની ગઈ છે.આ બ્રિજ બંધ થયા બાદ હવે અવર જવર કરવા માટે નંદેસરીનો રેલવે ફાટકવાળા રસ્તાનો વિકલ્પ રહ્યો છે.જ્યાં રોજ ટ્રાફિક જામના કારણે લોકો હેરાન થઈ રહ્યા છે.

નંદેસરી મિનિ નદીનો બ્રિજ આમ તો પહેલેથી જ જર્જરિત હતો.જેને લઈને સંખ્યાબંધ વખત તંત્ર સમક્ષ રજૂઆતો પણ થઈ હતી.૨૦૨૩માં તેનો લોડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને આ બ્રિજ પરથી ભારદારી વાહનોની અવર જવર પર રોક લગાવી દેવામાં આવી હતી.જોકે ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ બ્રિજ સદંતર બંધ કરી દેવાયો છે. વિકલ્પ તરીકે નંદેસરી રેલવે ફાટક વાળો રસ્તો લોકો માટે ઉપલબ્ધ છે.અહીંથી દિલ્હી મુંબઈ કોરિડોરની રોજની સેંકડો ટ્રેનો પસાર થાય છે.જેના કારણે દિવસ દરમિયાન કલાકો સુધી ફાટક બંધ રહે છે.બ્રિજનો ટ્રાફિક પણ આ રસ્તા પર ડાયવર્ટ થયો હોવાથી પીક અવર્સમાં તો રોજ બ્રિજની બંને તરફ ટ્રાફિક જામ થાય છે.જર્જરિત બ્રિજના સ્થાને નવો બ્રિજ બનાવવાનું આયોજન કરાયું છે પણ હજી સુધી તેમાં નકકર પ્રગતિ થઈ નથી. નદેસરી રેલવે ફાટકવાળા રસ્તા પર પણ ઓવરબ્રિજ બનાવવાની માગ થઈ રહી છે.

# ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં વિજેતા ખેલાડીઓને પુરસ્કાર એનાયત કરાયા

ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં અંડર 15 અને 17 વય જુથ કેટેગરીના વિજેતા ખેલાડીઓને વડોદરા સાંસદના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ગત તા.19 જુલાઈથી સમા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે બરોડા બેડમિન્ટન એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2025નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 850 જેટલા બેડમિન્ટન ખેલાડી ભાઈઓ અને બહેનોએ વિવિધ વય જૂથમાં ભાગ લીધો છે. આ સ્પર્ધામાં અંડર 11,13,19 અને ઓપન કેટેગરીની કુલ 28 ઈવેન્ટ છે. આજે અંડર 15 અને 17 વય જુથ કેટેગરીના કુલ 10 ઈવેન્ટના સિંગલ્સ, ડબલ્સ અને મિક્સ ડબલ




કેટેગરીમાં વિજેતા થનાર વિજેતા ખેલાડીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સાંસદ ડૉ. હેમાંગ જોષી , કાઉન્સિલર મહાવીરસિંહ રાજપુરોહિત સહિતના મહાનુભવોના હસ્તે ટ્રોફી, સર્ટિફિકેટ અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

# વડોદરાના સાવલીમાં ડામરનું ટેન્કર ફાટતાં સર્જાઈ દુર્ઘટના, આગ લાગતા ત્રણ લોકોના મોત

વડોદરાના સાવલી તાલુકામાં ડામરની કંપનીમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ડામરનું ટેન્કર ફાટતાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ટેન્કર ચાલક, ક્લીનર અને મજૂર સહિત ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનામાં ત્રણેય મૃતકોના મૃતદેહને પીએમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, સાવલી તાલુકાના ભાદરવા-સાકરદા રોડ પર આવેલા મોક્સી ગામ પાસેની રીતુ એન્ટરપ્રાઈઝ નામની ડામરની કંપનીમાં ટેન્કરમાં જામ થયેલા ડામરને કાઢતા સમયે દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં જામ થયેલા ડામરને નીકાળવા માટે ટેન્કરને ગરમ કર્યું હતું. જોકે, ટેન્કરને ગરમ કરતી વખતે ટેન્કરનું ઢાંકણું ખોલવાનું રહી જતાં ગેસના પ્રેશરથી ટેન્કર ફાટ્યું હતું.

સમગ્ર ઘટનામાં વિસ્ફોટ થતાં આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. ટેન્કર બ્લાસ્ટ થતાં



અને આગની બનાવમાં ત્રણ લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે.

મૃતકોમાં ટેન્કરનો ડ્રાઈવર મોહંમદ અરમાન જીયા ઉલ્લાહ (રહે.ગળભળીગામ, આઝમગઢ, ઉત્તર પ્રદેશ), ડ્રાઈવરને મળવા આવનાર સાકીબ અખ્તરખાન (રહે. સંતોષીનગર, છાયાપુરી, છાણી) અને કંપનીમાં કામ કરતા અશોક જયકિશન ગુર્જર (રહે. કાલમેરા ગામ, તા.માધવગઢ, રાજસ્થાન)નો સમાવેશ થાય છે. ત્રણેના મૃતદેહોને પીએમ માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આ અંગે ભાદરવા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# દાંડિયા બજાર લકડી પુલ ખાતેના વરસાદી કાંસમાંથી ગટરના પાણીનો નિકાલ બંધ કરવા માગણી

વડોદરામાં વરસાદી પાણીનો નિકાલ કુદરતી કાંસ દ્વારા ઝડપથી થાય તે માટે તમામ કાંસોની સફાઈ કરવા કોર્પોરેશનમાં મળેલી રીવ્યુ બેઠકમાં પણ સૂચના આપવામાં આવી હતી. વડોદરા શહેરના મધ્યમાં દાંડિયા બજાર લકડી પુલ પાસે ગાયકવાડી શાસન વખતનો જે વરસાદી કાંસ છે તે સાફ કરાયો નથી. આ કાંસમાંથી પસાર થતી ડ્રેનેજ લાઈનના કારણે કાંસ ગટરના પાણીથી ભરાયેલી છે. ગટરનું પાણી બંધ કરવા કાંસની સફાઈ કરવા માગણી કરવામાં આવી છે.

વોર્ડ નંબર 13 ના કોંગ્રેસના સિનિયર કોર્પોરેટરના કહેવા મુજબ વોર્ડ ઓફિસમાં વારંવાર મૌખિક તેમજ લેખિત રજૂઆત કરવા છતાંય કામગીરી કરવામાં આવતી નથી. ફાયર બ્રિગેડ તેમજ સીસીટીવી કમાન્ડ સેન્ટરની બાજુમાં પસાર થઈ રહેલા ગાયકવાડી શાસન વખતના વરસાદી કાંસમાં ડ્રેનેજનું પાણી વહી રહ્યું હોવાથી તેમાં મોટા પ્રમાણમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે. ખરેખર અહીં વરસાદી પાણી વહેવું જોઈએ તેને બદલે ગટરના પાણી જઈ રહ્યા છે. આ



વિસ્તાર ખૂબ ગીચ છે અને આવી ગંદકીના કારણે ચોમાસામાં મચ્છર અને જીવાતનો ત્રાસ વધતા લોકોમાં રોગચાળાનો ભય ફેલાયો છે. આસપાસના રહીશો આના કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. તેમણે કોર્પોરેશનના કમિશનરને સ્થળની મુલાકાત લઈ વરસાદી કાંસની સ્થિતિનું નિરીક્ષણ કરી કાંસમાં સફાઈ કરાવી ડ્રેનેજના પાણી બંધ કરાવવા રજૂઆત કરી છે.

# કંટ્રોલ: 100 નહીં 112 લાગશે, શહેરમાં 30 PCR મૂકાશે, પોલીસની ટ્રેનિંગ પૂરી

પોલીસ માટે 100, એમ્બ્યુલન્સ માટે 108, ફાયર માટે 101 જેવા તમામ ઈમર્જન્સી નંબરને બદલે હવે સેન્ટ્રલ ઈમર્જન્સી નંબર 112 ટૂંક સમયમાં રાજ્યભરમાં લાગુ કરાશે. ઈમર્જન્સી રિસપોન્સ સપોર્ટ સિસ્ટમ હેઠળ તમામ ઈમર્જન્સી માટે ફક્ત 112 નંબર જ રહેશે. જે માટે પોલીસ વિભાગે તાબડતોડ તૈયારી કરી છે. જ્યારે શહેરમાં ખાસ 30 પીસીઆર વાન કાર્યરત રહેશે. 20 નવી પીસીઆર સરકાર આપશે, સાથે પોલીસ કર્મીઓની ખાસ ટ્રેનિંગ પણ આપી દેવાઈ છે.

જનરક્ષક (સલામતીનો અધિકાર) સૂત્ર હેઠળ શહેરના મહત્ત્વના પોઈન્ટ ઓળખાશે અને તે સ્થળે પીસીઆર સ્ટેન્ડ બાય રહેશે, વર્ધી મળ્યા બાદ આગળ વધશે. પીસીઆરનું આખું મોનિટરિંગ જીપીએસથી થશે. ગ્રામ્યની પીસીઆર નજીક હશે તો તાત્કાલિક સંપર્ક કરનાર સુધી પહોંચશે.

પોલીસને ખાસ ડિવાઈસ અપાશે. કોઈ વ્યક્તિ 112 પર ફોન કરશે ત્યારે તેનું લોકેશન મળી જશે અને તેના આધારે મેપથી ત્વરિત સ્થળ પર પહોંચશે. જે રિસ્પોન્સ ટાઈમ ઘટાડવા ઉપયોગી થશે. અમદાવાદમાં 108નો કંટ્રોલરૂમ છે, ત્યાંથી 112નો કંટ્રોલ રૂમ ઓપરેટ થશે.

પોલીસે કહ્યું કે, 112 નંબરની પીસીઆર કોઈ બંદોબસ્ત, સ્થાનિક પોલીસ સ્ટેશનની કામગીરી સહિતમાં ઉપયોગમાં નહીં લઈ શકાય. પોલીસ મથકને ફાળવેલી શી ટીમ, પોલીસ 1-2 વાનનો ઉપયોગ પેટ્રોલિંગ સહિતનાં કામ માટે કરાશે.

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ પાસે, કપ્તાન ફળિયા, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.
NABH Accredited
સિટી એરિયાનું એકમાત્ર સુસજ્જ ઓપરેશન થિયેટર અને આઈ.સી.યુ. ની સુવિધા ધરાવતું હોસ્પિટલ
ઓ.પી.ડી., આઈ.સી.યુ., દાઝેલા માટે સ્પે. સારવાર, સુસજ્જ ઓપરેશન થીયેટર, ડાયાલીસીસ વિભાગ, ૨૪×૭ તાત્કાલિક સારવાર, એક્ષ-રે વિભાગ, ફિઝીઓથેરાપી, ફાર્મસી, લેબોરેટરી ૨૪ કલાક, એમ્બ્યુલન્સની સુવિધા, આરોગ્યપ્રદ આહારની સુવિધા
(0265) 2432100 72260 15001 (ICU) 72260 15002 (ઈમરજન્સી)

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
HOPE • LIVES • HERE
એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે. એપોઈન્ટમેન્ટ લીધા વગર આવવું નહી.
HEALTH COUPON
Free RBS
Free BP Check-up
Free BMI
Free Consultation
આ કુપન એક જ વ્યક્તિ માટે માન્ય છે તથા પહેલી વખત આવો ત્યારે જ વાપરી શકાય.
દાખલ ચાર્જ અને સર્જીકલ ચાર્જ ઉપર ૧૫% ડિસ્કાઉન્ટ
Behind Maharani Girl's High School, Kaptan Faliya, Raopura, Vadodara-390001.
Ph.: (0265) 2432100 M.: 72260 15001 (ICU) / 72260 15002 (Reception)
Email : siddhimultispecialityhospital@gmail.com

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.